# આપણું યુજીવીસીએલ

અંક-૯, મે ૨૦૧૧




## સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવા ધ્યેય સાથે સાતમા વર્ષમાં મંગલ પ્રવેશ



મહેસાણા ખાતે યોજાએલ જીઇઆરસીની ૧૨મી સ્ટેટ એડવાઇઝરી કમિટિની મિટિંગ

સાતમા કંપની દિનની ઉત્સાહભેર ઉજવણી



વર્ષ–૧ અંક–૯, મે ૨૦૧૧
ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત

**સંરક્ષક**
શ્રી એ. કે. વર્મા, આઈએફએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**
શ્રી કે. કે. સથવારા, મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)
શ્રી શૈલેશ એ. નાયક, આસિસ્ટન્ટ મેનેજર (પબ્લિક રીલેશન્સ)

**તંત્રી મંડળ**
શ્રી પી. જે. પટેલ, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી આર. જી. એન્જિનિયર, મુખ્ય ઇજનેર (પી.એન્ડ પી.)
શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી ડી. એમ. તિવારી, ઇન્ચાર્જ વિશેષ મહાપ્રબંધક
શ્રી ડી. સી. પરમાર, વિશેષ મુખ્ય ઇજનેર, સાબરમતી
શ્રી એસ. આર. પટેલ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રીમતિ છાયાબેન દેસાઈ, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી ડી. એસ. પટેલ, અધિક્ષક ઇજનેર, પાલનપુર

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
હિમાંશુ કીકાણી, www.aalekhan.com

# આ અંકમાં

ઊર્જા ઉત્સવ........ ૦૪
પાલનપુર ખાતે સ્વર્ણિમ ગુજરાતના ઊર્જાશક્તિ ઉત્સવમાં
આકર્ષણનું કેન્દ્ર બન્યો યુજીવીએલનો સ્ટોલ........ ૦૪

સમાચાર........ ૦૬
મહેસાણાખાતે યોજાએલ જીઇઆરસીની ૧૨મી સ્ટેટ એડવાઇઝરી
કમિટિની મિટિંગ........ ૦૬

ઉજવણી........ ૦૮
સાતમા કંપની દિનની ઉત્સાહભેર ઉજવણી........ ૦૮
સ્વર્ણિમ ગુજરાતની ઉજવણીના ભાગ રૂપે એનર્જી ઑડિટની કામગીરી..... ૦૯

જાગૃતિ........ ૧૦
વીજચોરી કરનારાઓને યુજીવીસીએલએ પાઠ ભણાવ્યો........ ૧૦
અખિલ ભારત મહિલા મોરચાના સભ્યો યુજીવીસીએલની મુલાકાતે........ ૧૨
જેને ઇલેક્ટ્રિક શૉક લાગ્યો હોય તેની સારવાર કેમ કરવી?........ ૧૩

માહિતી........ ૧૪
ઊર્જાનો નવો વૈકલ્પિક સ્રોત – હવા........ ૧૪
પરમાણુ ઊર્જાઃ ઉપયોગી પણ જોખમી........ ૧૬

કાવ્યધારા........ ૧૭

પાવર પ્રેરણા........ ૧૮



**સોના સમુ ચમકાવીએ**
**ગુજરાતને,**
**સૌ સાથે મળીને કાર્ય કરીએ,**
**સોનામાં સુગંધ ભેળવીએ,**
**સ્વર્ણિમની ચમક ગુજરાતની**
**ચારે કોર ફેલાવીએ.**


પ્રિય મિત્રો,

સ્વર્ણિમ ગુજરાત વર્ષની સમાપ્તિ સમારોહ વખતે માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે વીતેલા સ્વર્ણિમ વર્ષ પરથી પ્રેરણા લઇ આવનારા યુગને સ્વર્ણિમ બનાવવાનો સૌ સાથે મળીને પ્રયત્ન કરીએ.

મિત્રો, આપણે માટે આ વાત આબેહૂબ લાગુ પડે છે. સ્વર્ણિમ ગુજરાતમાં સ્થિત યુજીવીસીએલને પણ સ્વર્ણિમ બનાવવા માટે આપ સૌ સતત અને કઠિન પ્રયત્ન કરી જ રહ્યાં છો. મને વિશ્વાસ છે કે આવનારા યુગમાં જેમ ગુજરાત સ્વર્ણિમ યુગ ઉજવશે તેની સાથે સાથે આપણું યુજીવીસીએલ પણ એ જ દિશામાં કાર્યરત હશે.

પાલનપુર ખાતે યોજાયેલ ઊર્જા શક્તિ મહોત્સવ પર ગ્રાહકલક્ષી માહિતી દ્વારા એક સુંદર સ્ટોલનું આયોજન આપણી કંપની દ્વારા કરવામાં આવેલ જે આનંદની બાબત છે. ગ્રાહકને વખતો વખત આપણા દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓથી માહિતગાર કરીને સતત માર્ગદર્શન આપતા રહીશું તો ગ્રાહકનો સંતોષ મેળવવાનું ધ્યેય સારી રીતે પ્રાપ્ત કરી શકીશું તેવો મને દૃઢ વિશ્વાસ છે.

આપ સૌના સહકાર અને સહયોગથી આવનારા વર્ષોમાં ગુજરાતના ખૂણા ખૂણાને સ્વર્ણિમ બનાવી ચમકાવી દઇએ એ જ શપથ આપણે સૌ લઇએ અને યુજીવીસીએલની પ્રગતિમાં સ્વર્ણિમ યોગદાન આપીએ આપતાં રહીએ, આગળ વધીએ અને વધતાં રહીએ.



±. Á. äÜë આઇએફએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ




# પાલનપુર ખાતે સ્વર્ણિમ ગુજરાતના ઊર્જાશક્તિ ઉત્સવમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો યુજીવીએલનો સ્ટોલ

માનનીય મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદી, રાજ્ય કક્ષાના ઊર્જા અને પેટ્રો કેમિકલ્સ વિભાગના મંત્રી શ્રી સૌરભભાઈ પટેલ, ઊર્જા અને પેટ્રો કેમિકલ્સ વિભાગના અગ્ર સચિવ તથા ચેરમેન, ગુજરાત ઊર્જા વિકાસ લી., શ્રી ડી. જે. પાંડિયન, મેનેજિંગ ડિરેક્ટર, ગુજરાત ઊર્જા વિકાસ લી., શ્રી એલ. ચુઆંગો, મેનેજિંગ ડિરેક્ટર યુજીવીસીએલ શ્રી એ. કે. વર્મા, ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સીના ચેરમેન શ્રી આઈ. એમ. ભાવસાર વગેરે મહાનુભવોઓ સ્ટોલની મુલાકાત લઈ ઉજવળભાવિ માટે માર્ગદર્શન પૂરું પાડ્યું.




સ્વર્ણિમ ગુજરાતને અર્પણ...
ઝળહળે દિનરાત
આપણું સ્વર્ણિમ ગુજરાત
UGVCL
સ્વર્ણિમ ગુજરાતનો
સ્વર્ણિમ લક્ષ્યાંક થયો સિધ્ધ...
તમામ ગામો તથા
પેટાપરાઓનું ૧૦૦% વીજળીકરણ
ઝળહળે દિનરાત
આપણું સ્વર્ણિમ ગુજરાત
સ્વર્ણિમ ગુજરાત
ઊર્જા શક્તિ પ્રદર્શન
UGVCL
ગ્રાહકલક્ષી પ્રવૃત્તિઓ વધી,
વીજળીની સુવિધાઓ સુગમ બની...
ગ્રાહક સુવિધા કેન્દ્ર
અડાલજ
To,
9909933777
COMP 12345
ફક્ત એકજ SMS દ્વારા ગ્રાહકોની ફરિયાદોનું નિરાકરણ
ગ્રાહકોની સેવા માટે ઠેર ઠેર સુવિધા કેન્દ્ર
ઝળહળે દિનરાત
આપણું સ્વર્ણિમ ગુજરાત
UGVCL
સૌર ઊર્જાક્ષેત્રે યુજીવીસીએલનું
હરિયાળું યોગદાન
૧૦ કિલોવૉટ ફોટો વૉલ્ટેક એપ્લાયન્સીસ ધરાવતા સેન્ટરો
• એનર્જી મેનેજમેન્ટ સેન્ટર, ગાંધીનગર
• મહેસાણા વર્તુળ કચેરી
• સાબરમતી વર્તુળ કચેરી
• પાલનપુર વર્તુળ કચેરી
ઝળહળે દિનરાત
આપણું સ્વર્ણિમ ગુજરાત

# મહેસાણાખાતે યોજાએલ જીઇઆરસીની ૧૨મી સ્ટેટ એડવાઇઝરી કમિટિની મિટિંગ






ગુજરાત વીજ નિયમન પંચની સ્ટેટ એડવાઇઝરી કમિટિની મીટિંગ દર ત્રણ મહિને યોજાય છે. ૧૨મી સ્ટેટ એડવાઇઝરી કમિટિની મીટિંગ ૬ઠ્ઠી એપ્રિલ ૨૦૧૧ના રોજ સેફ્રોની રીસોર્ટ, મહેસાણા ખાતે યોજાઇ હતી. ગુજરાત વીજ નિયમન પંચની આ મીટિંગનો મુખ્ય હેતુ છે વીજ વિતરણ અને તેની સાથે જોડાયેલી સમસ્યાઓનો ઉકેલ લાવવો અને અનેક વીજ કંપનીઓના એક સરખા ધારાધોરણ નક્કી કરવા. આ મિટિંગમાં ડો. કેતન શુક્લ, સેક્રેટરી, જીઇઆરસી દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવેલ. જ્યારે ઉત્તર ગુજરાત વીજ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એ. કે. વર્મા દ્વારા હાજર રહેલ મહાનુભાવોનો પરિચય અને કંપનીની રૂપરેખા આપવામાં આવેલ. મિટિંગના અંતે કંપનીના મુખ્ય ઇજનેર શ્રી પી. જે. પટેલે આભારવિધિ કરેલ.

ગુજરાત સરકાર દ્વારા ગુજરાત વીજ નિયમન પંચની સ્થાપના નવેમ્બર ૧૯૯૮ના રોજ થઇ હતી. આ સાથે કેન્દ્ર સરકારના ઇલેક્ટ્રિસિટી એક્ટ ૨૦૦૩ની સાથે જ ગુજરાત ઇલેક્ટ્રિસિટી ઇન્ડસ્ટ્રી (રીઓર્ગેનાઇઝેશન એન્ડ રેગ્યુલેશન) એક્ટ ૨૦૦૩ પાસ કરવામાં આવ્યો હતો.

ગુજરાત વીજ નિયમન પંચનું મુખ્ય કાર્ય છે નવા ટ્રાન્સમિશન, ટ્રેડિંગ અને વિતરણ કંપનીઓને લાયસન્સ આપવા જેથી તેના ટેરિફ નિર્ધારિત કરી શકાય તેમ જ વીજળી વાપરનારા ગ્રાહકો માટે કંપનીનો સ્વસ્થ ગ્રોથ અને પ્રોટેક્શન મળી રહે. ઉપરાંત જીઇઆરસી તરફથી પોલિસી નિર્ણયો નિર્ધારિત થાય છે જેના દ્વારા વીજ વપરાશની ક્ષમતા અને રીન્યુએબલ સોર્સ ઓફ એનર્જીનો વિકાસ થઇ શકે.

### જીઇઆરસીના કાર્યો

- વીજ ઉત્પાદન, વીજ પરિવહન તેમજ વીજ વિતરણના વીજ દરો તદ્‌ઉપરાંત વ્હિલિંગ ઓફ એનર્જીના નિયમો તેમજ જરૂરી ભાવ/ચાર્જીસ નિર્ધારીત કરવાની સત્તા.
- વીજ વિતરણ કંપની દ્વારા વીજ ઉત્પાદન કરતી કંપનીઓ પાસેથી વીજ ખરીદીના વીજ દરના ભાવોનું નિયમન કરવાની સત્તા.
- સક્ષમ કંપનીઓને લાયસન્સ તેમજ પરવાનગી, વીજ પરિવહન, વીજ વિતરણ તેમજ વીજ ટ્રેડિંગ મંજૂર કરવાની સત્તા.
- અન્ય રાજ્યોમાંથી ટ્રાન્સમિશન અથવા વ્હિલિંગ ઓફ એનર્જી પર નિયમન તેમજ યોગ્ય સુવિધા પ્રદાન થાય તે પ્રકારના નિર્ણયો લેવાની સત્તા.
- લાયસન્સિંગ કંપની અને વીજ ઉત્પાદન કરતી કંપનીઓ વચ્ચે ઊભી થયેલી કોઇપણ જાતની તકરારનું સમાધાન કાયદા/નિયમોને આધારે યોગ્ય નિર્ણય કરવાની સત્તા.
- વીજળી ઉત્પન્ન કરવા અથવા રીન્યુએબલ સ્રોતને પ્રોત્સાહન આપવું.
- સ્ટેટ ગ્રીડ કોડ, સપ્લાય કોડના નિયમો પ્રસિદ્ધ કરવાની તેમજ સુધારા-વધારા કરવાની સત્તા.

### ગુજરાતમાં વીજ ક્ષેત્રનું વિહંગાવલોકન

ગુજરાતમાં પાવર સેક્ટરનું વર્ષ ૨૦૦૩માં રીસ્ટ્રક્ચર થયું હતું. આ સમયે એવો નિર્ણય લેવામાં આવ્યો હતો કે ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રિસિટી બોર્ડ (જીઇબી)ને સાત રાજ્ય અધિકૃત કંપનીઓમાં વિભાજન કરવું. આ કંપનીઓને સ્વતંત્ર જવાબદારી આપવામાં આવી હતી જે વિવિધ ક્ષેત્રોમાં હતી જેમ કે જનરેશન, ટ્રાન્સમિશન, બલ્ક પરચેઝ અને સેલ તથા ડિસ્ટ્રિબ્યુશન. ગુજરાત એક મોટું

રાજ્ય હોવાને લીધે ચાર વીજ વિતરણ કંપનીઓ બની હતી જેમાં ઉત્તર, મધ્ય, પશ્ચિમ અને દક્ષિણ વિભાગ માટે બની હતી.

### જીઈઆરસીની સિદ્ધિઓ

- ગત સાત વર્ષ દરમિયાન બેઝ ટેરિફમાં મોટો ફેરફાર નથી થયો.
- ગુજરાત એક જ એવું રાજ્ય છે જ્યાં કોમ્પિટિટીવ બેસીસ પર પારદર્શિતા જાળવીને ૩૨૦૦ મેગા વૉટ વીજળી સપ્લાય કરવાનો નિર્ણય લેવાયો છે.
- ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમની સ્થાપના અને લોકપાલની નિયુક્તિ
- વાર્ષિક રીપોર્ટ સમય પર પ્રકાશિત
- કમિશનની વિત્તીય સ્વતંત્રતા સુનિશ્ચિત કરવા અલાયદા ફંડની વ્યવસ્થા
- પારદર્શિતા જાળવવા અને માહિતીનો સુવ્યવસ્થિત રીતે સંચાર કરવા વેબસાઇટ બનાવવી.

### પરફોર્મન્સ સ્ટાન્ડર્ડ્ઝ

ગ્રાહક ફરિયાદ નિવારણ દ્વારા ફરિયાદોના ઝડપી નિકાલ માટે આઠ ફોરમની સ્થાપના કરવામાં આવી છે. ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમના નિર્ણયથી અસંતુષ્ટ ગ્રાહક લોકપાલમાં ફરીથી રજુઆત કરી શકે છે. નવા કનેક્શન માટે, ફોલ્ટ રીપેર અને બિલિંગ વિવાદ માટે યોગ્ય અને પારદર્શિ ન્યાય મળે તે માટેની વ્યવસ્થા.

### ફરિયાદ નિવારણ સમયાવધિ

- મીટર વિવાદની ફરિયાદ ૧૫ દિવસ
- નામ અથવા માલિકી બદલવા ૭ દિવસ
- બિલ અંગેની ફરિયાદ ૧૫ દિવસ
- સપ્લાયમાં લો વોલ્ટેજની ફરિયાદ ૬૦થી ૧૮૦ દિવસમાં ઉકેલવી જેમાં ઉપકરણની ક્ષમતામાં ફેરફાર કરવાનો સમય ગણવો જરૂરી છે.

### ૧૨મી જીઈઆરસીની સ્ટેટ એડવાઈઝરી કમિટીની મિટિંગમાં હાજર રહેલ મહાનુભાવો

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| ૧. | શ્રી પી. કે. મિશ્રા | ચેરમેનશ્રી, જીઇઆરસી |
| ૨. | શ્રી પ્રવિણભાઈ પટેલ | મેમ્બર (ટેક્નિકલ), જીઇઆરસી |
| ૩. | ડો. એમ. કે ઐયર | મેમ્બર(ફાઈનાન્સ), જીઇઆરસી |
| ૪. | શ્રી કે. કે. બજાજ, સીઇઆરએસ | મેમ્બર, જીઇઆરસી |
| ૫. | શ્રી એન. દિનકર | મેમ્બર, જીઇઆરસી |
| ૬. | શ્રી ટી. પી. ગોવિંદન, ડિરેક્ટર, ઇઆરડીએ | મેમ્બર, જીઇઆરસી |
| ૭. | શ્રી મગનભાઈ પટેલ | મેમ્બર, જીઇઆરસી |
| ૮. | ડો. કેતન શુક્લ | સેક્રેટરી, જીઇઆરસી |
| ૯. | શ્રી કિર્તિકુમાર જે.અમીન, પ્રેસિડેન્ટ, પ્રદેશ કિશાન વિકાસ સંઘ | આમંત્રિત |
| ૧૦. | શ્રી સચીન ઓઝા, એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટર | આમંત્રિત |
| ૧૧. | શ્રી વી. ટી. રાજપરા | આમંત્રિત |
| ૧૨. | એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, ટોરેન્ટ પાવર | આમંત્રિત |
| ૧૩. | શ્રી પી. એચ. રાણા, ડિરેક્ટર (ટેક્નિકલ) ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ | આમંત્રિત |
| ૧૪. | શ્રી એ. કે. વર્મા, મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ | આમંત્રિત |
| ૧૫. | શ્રી એ. એન. ખત્રી, મેનેજિંગ ડિરેક્ટર, એમજીવીસીએલ | આમંત્રિત |
| ૧૬. | શ્રી એસ. બી. રાવલ, જોઇન્ટ મેનેજિંગ ડિરેક્ટર, પીજીવીસીએલ | આમંત્રિત |
| ૧૭. | શ્રી એ. કે. કૌલ, ઇન્ચાર્જ મેનેજિંગ ડિરેક્ટર, ડીજીવીસીએલ | આમંત્રિત |




- જીઈઆરસીના માપદંડ પ્રમાણે ગ્રાહકને કંપની તરફથી ઓછી ગુણવત્તાનો વીજ સપ્લાય મળતો હોય તો તે માટેનું વળતર આપવું જે પર્ફોર્મન્સ ઓફ ડિસ્ટ્રિબ્યુશન લાયસન્સના માપદંડના આધારે હોય છે (રેગ્યુલેશન ૨૦૦૫). ■

# સાતમા કંપની દિનની ઉત્સાહભેર ઉજવણી

ગુજરાત રાજ્યની પ્રજાને વીજ સુવિધા પૂરી પાડવા વર્ષ ૧૯૬૦માં ઇલેક્ટ્રિસિટી એક્ટ, ૧૯૪૮ અન્વયે ગુજરાત વિદ્યુત બોર્ડ દ્વારા ગુજરાતના તમામ શહેરો અને ગામડાંઓનું વીજળીકરણ કરવામાં આવેલ. ગુજરાતના વિકાસની સાથે ગુજરાત વિદ્યુત બોર્ડ દ્વારા કરવામાં આવી રહેલ વિતરણની સુદૃઢ વ્યવસ્થા અંગેની અપેક્ષામાં વધારો એ સ્વાભાવિક રહ્યો. દિન પ્રતિદિન ગુજરાતના વિકાસ માટે વીજળી આવશ્યક સેવાની જરૂરિયાત વધતાં વધુ કાર્યક્ષમ સેવા આપવા માટે ગુજરાત રાજ્યના સ્વપ્નદ્રષ્ટા તેમજ જ્યોતિર્ધર માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ ગુજરાત ઇલેક્ટ્રિસિટી (રીઓર્ગેનાઇઝેશન અને રેગ્યુલેશન) એક્ટ, ૨૦૦૩ અન્વયે ગુજરાત વિદ્યુત બોર્ડનું પુનર્ગઠન કરીને તેનું સાત કંપનીઓમાં વિભાજન કરવામાં આવેલ. જેના પરિણામ સ્વરૂપે ઉત્તર ગુજરાતના ૬ જિલ્લા તેમજ ૩ અંશતઃ જિલ્લામાં વીજ વિતરણ દ્વારા ગ્રાહકોને વીજ સુવિધા પૂરી પાડવા ગુજરાત સહિતના જાહેરનામા તારીખ ૧૫-૦૯-૨૦૦૩ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની રચના કરવામાં આવેલ અને તારીખ ૧-૦૪-૨૦૦૫થી વાણિજ્ય ધોરણે કાર્યરત એવી કંપનીએ સફળતાના છ વર્ષ પૂરા કરી સાતમા વર્ષમાં મંગલ પ્રવેશ કરેલ છે. દર વર્ષે ૧લી એપ્રિલના દિવસે કંપની દિનની ઉજવણી હાથ ધરવામાં આવે છે. આ વર્ષે ગુજરાત રાજ્યની સ્થાપનાને ૫૦ વર્ષ પૂરા થતાં સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી અને કંપની દિનની ઉજવણીએ કર્મચારીઓમાં વિશેષ ઉત્સાહ પૂર્યો હતો. કંપનીના પંટાગણમાં આવેલ તમામ કચેરીઓના કર્મચારીઓ દ્વારા સ્વર્ણિમ ગુજરાત નિમિતે ખાસ સંકલ્પો લેવામાં આવેલ.

**અમારા સંકલ્પ....**

- ગ્રાહકોને સર્વોતમ સેવા થકી સંતોષ આપવાનો પ્રયાસ કરીશું.
- વીજ ગ્રાહક અધિકાર પત્રનો અસરકારક અમલ કરીશું.
- તમામ કચેરીઓની સ્વચ્છના તથા સુઘડતા વધારીશું.
- કચેરીની તમામ કામગીરી કોમ્પ્યુટરાઈઝડ કરીશું
- વીજ બચત અને વીજ સુરક્ષા અંગે લોક જાગૃતિ કેળવીશું.
- વૈશ્વિક સ્તર સુધી વીજ વ્યય ઘટાડવાના પ્રયત્ન કરીશું.
- સાતત્યપૂર્ણ ગુણવાત્તાસભર વીજ પુરવઠા દ્વારા ગુજરાતનાં વિકાસમાં સિંહ ફાળો આપીશું.
- રેવન્યુ કલેક્શન ટારગેટ પૂરો કરવા પૂરતો પ્રયત્ન કરીશું.
- ટી એન્ડ ડી લોસીસ ઘટાડવા પ્રયત્નો કરીશું.
- રેગ્યુલર લાઈન મેન્ટેનન્સ આયોજન કરવા કટીબદ્ધ થઈશું.
- સમય મર્યાદામાં લાઈન ઈરેક્શન કરીશું.
- નવીન વીજ જોડાણ એસ. ઓ. પી. પ્રમાણે આપવા પ્રયત્નશીલ રહીશું.
- ગ્રાહકને સંતોષકારક સેવાઓ પૂરી પાડવા સર્વોતમ સેવા થકી સંતોષ આપવાનો પ્રયાસ કરીશું.

આ પ્રસંગે કંપનીના મુખ્ય ઈજનેરો શ્રી પી. જે. પટેલ, શ્રી આર. જી. એન્જીનિયર, જનરલ મેનેજર(ફાઇનાન્સ) શ્રી આર. બી કોઠારી, કંપની સેક્રેટરી શ્રી એન. એમ. જોષી, એન્જિનિયર, ઈન્ચાર્જ વિશેષ મહાપ્રબંધક શ્રી ડી. એમ. તિવારી તથા કંપનીના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ વિશાળ સંખ્યામાં હાજર રહેલ. પ્રાસંગિક પ્રવચનમાં શ્રી પી. જે પટેલ દ્વારા ગત વર્ષમાં કંપની દ્વારા કરવામાં આવેલ કામગીરીનો ચિતાર રજુ કરવામાં આવેલ અને જણાવેલ કે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ હસ્તકની અન્ય વીજ વિતરણ કંપનીની સરખામણીમાં યુજીવીસીએલની કામગીરી પ્રસંશનીય રહી છે. જેની ઉચ્ચકક્ષાએ સત્તાવાળા દ્વારા નોંધ લઇને અભિનંદન પાઠવવામાં આવેલ છે.

કંપનીના જનરલ મેનેજર (ફાઈનાન્સ) શ્રી આર. બી. કોઠારી દ્વારા રેવન્યુકલેક્શનની કામગીરીથી કર્મચારીઓને માહિતીગાર કરેલ.

કંપનીના ટ્રેનિંગ સેન્ટરના હોલમાં રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવેલ જેમાં કુલ ૭૦ (સિત્તેર) જેટલા કર્મચારીઓએ સ્વૈચ્છિક રક્તદાન કરેલ. ■







# સ્વર્ણિમ ગુજરાતની ઉજવણીના ભાગ રૂપે એનર્જી ઑડિટની કામગીરી



ગુજરાત સરકાર દ્વારા સ્વર્ણિમ ગુજરાતની ઉજવણીના ભાગરૂપે વિવિધ ક્ષેત્રોમાં ખાસ કામગીરીઓ કરી ગુજરાતના વિકાસ ખાતે પ્રેરક બળ પૂરૂં પાડવાની અપેક્ષાઓ રાખવામાં આવેલ. ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા પણ વિવિધ ક્ષેત્રોમાં અગત્યની કામગીરી હાથ ધરવામાં આવેલ. મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા કંપનીના કાર્યક્ષેત્ર વિસ્તારમાં અલગ અલગ જગ્યાએ એનર્જી ઑડિટની કામગીરી સોંપવામાં આવી હતી. મેનેજિંગ ડિરેક્ટરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ સર્ટિફાઈડ એનર્જી ઓડિટર, ટેક્નો-કોમર્શિયલ નિષ્ણાતોને નિયુક્ત કરી નીચે જણાવેલ ઇજનેરોની ટીમ બનાવવામાં આવેલ.

- શ્રી સી. વી. જોષીઃ (નાયબ ઈજનેર) કોર્પોરેટ ઑફિસઃ મહેસાણા
- શ્રી એ. યુ. લાલચંદાનીઃ (નાયબ ઈજનેર) કોર્પોરેટ ઑફિસઃ મહેસાણા
- શ્રી એસ. એમ. શાહઃ (નાયબ ઈજનેર) મિટર ટેસ્ટિંગ લેબઃ સાબરમતી
- શ્રીમતિ રોશની પટેલઃ જુનિયર ઈજનેર ડિવિઝન ઑફિસઃ વિસનગર

જેઓને નીચે જણાવેલ સરકારી, સહકારી તથા નગરપાલિકાના બિલ્ડિંગમાં આપવામાં આવેલ વીજ પુરવઠા અંગેની પરિસ્થિતિનો તલસ્પર્શી અભ્યાસ કરીને ખાસ સુચનો કર્યા હતા.

ઊર્જા વપરાશમાં વાર્ષિક ૧.૪૫ લાખ યુનિટનો વીજ વપરાશમાં ઘટાડો કરી રૂ.૭.૭૫ લાખની બચત થાય તે અંગેના સુચનો કરેલ છે.

એનર્જી ઓડિટના કાર્યનો મુખ્ય હેતુ સરકારી કચેરીઓમાં થતાં ઊર્જા વપરાશ બાબતે ઊર્જા ક્ષમતા વધારી, ઊર્જાનો દુર્વ્યય ઘટાડવા તથા અંતતઃ રાજ્ય, દેશ અને વૈશ્વિક ધોરણે કાર્બન ફુટ પ્રિન્ટમાં ઘટાડો કરવાના સુચનો કરવાનો હતો.

એનર્જી ઓડિટ દરમિયાન અલગ અલગ જગ્યાએ ઝીણામાં ઝીણી બાબતોને ધ્યાનથી લઈને વીજબચત કેવી રીતે થઈ શકે તે અંગેનો અભ્યાસ કરી જે તે સંસ્થાઓને કયા પગલા લેવાથી વીજ બચત થઈ શકે તેની માહિતી આપેલ.

### યુજીવિસિએલની ટીમ દ્વારા કરવામાં આવેલ એનર્જી ઑડિટ કામગીરીની વિગતો

| ક્રમ | સંસ્થાના નામ | સ્થાન | સૂચિત બચત KWH /વર્ષ | સૂચિત બચત (રૂપિયામાં) | અંદાજીત રોકાણ (રૂપિયામાં) | પેબેક પિ/માસિક અને અંદાજીત |
|---|---|---|---|---|---|---|
| ૧ | સુપરિન્ટેન્ડેન્ટ કંપની હેલ્થ | ધોળકા | ૭,૬૦૮ | ૪૩,૧૩૬ | ૮૮,૦૩૫ | ૨૪ માસ |
| ૨ | કલોલ નગરપાલિકા સિવિલ હોસ્પિટલ | કલોલ | ૩૧,૩૩૮ | ૧,૪૭,૬૦૨ | ૧,૩૬,૬૬૦ | ૧૧ માસ |
| ૩ | સાબરકાંઠા જિલ્લા બેન્ક | હિંમતનગર | ૧૩,૭૦૧ | ૪૭,૯૫૩ | ૧,૫૨,૬૫૦ | ૩૮ માસ |
| ૪ | કલેક્ટર બિલ્ડિંગ | પાલનપુર | ૫૦,૬૨૮ | ૨,૭૯,૦૩૭ | ૯,૨૧,૭૦૦ | ૪૦ માસ |
| ૫ | પાટણ સિવિલ હોસ્પિટલ | પાટણ | ૨૧,૬૦૩ | ૧,૩૧,૮૧૦ | ૪,૮૩,૦૧૦ | ૪૩ માસ |
| ૬ | જિલ્લા પંચાયત ઑફિસ | મહેસાણા | ૨૦,૪૦૧ | ૧,૨૪,૯૬૧ | ૩,૧૯,૬૨૦ | ૩૦ માસ |
| | **કુલ** | | **૧,૪૫,૨૮૦** | **૭,૭૪,૪૯૯** | **૨૧,૦૧,૬૭૫** | **૩૨ માસ** |

# વીજચોરી કરનારાઓને યુજીવીસીએલએ પાઠ ભણાવ્યો



**વીજચોરી સામે ચેકિંગની કાર્યવાહી કરતા કર્મચારીઓ પર હુમલાની ઘટના નવી નથી, પરંતુ તાજેતરમાં આવી એક ઘટનાને પગલે ત્વરિત પોલીસ પગલાં લઈને કંપનીના કર્મચારીઓએ એક દાખલો બેસાડ્યો**

ઉત્તર ગુજરાત વીજ કંપની સુદઢ વીજ વિતરણ વ્યવસ્થા દ્વારા પોતાના ગ્રાહકોને નિયમિત વીજ પુરવઠો પૂરો પાડવા સતત કટિબદ્ધ રહે છે. પરંતુ પોતાના વ્યક્તિગત સ્વાર્થ ખાતર કેટલીક વ્યક્તિઓ દ્વારા વીજ ગેરરીતિ આચરવામાં આવે છે જેનાથી નિયમિત રીતે વીજ બિલના નાણાની ચૂકવણી કરનાર ગ્રાહકો ઉપર નાહકનો બોજ પડે છે અને વીજ વિતરણ વ્યવસ્થામાં અંતરાય ઊભા થાય છે. જેને નિવારવા કંપની દ્વારા વારંવાર ચેકિંગ હાથ ધરી વીજ ગેરરીતિ કરનારા ગ્રાહકોને પકડીને ખુલ્લા પાડવામાં આવે છે. સઘન વીજ ચેકિંગ દ્વારા કરવામાં આવતી કામગીરી દરમિયાન ક્યારેક અનિષ્ટ તત્વો દ્વારા કામ કરતાં કર્મચારીઓ અને અધિકારીઓ પર હુમલા કરવાની ઘટનાઓ બનતી હોય છે. તેવી જ એક ઘટનામાં જવાબદાર વ્યક્તિઓ સામે પોલીસ કેસ કરીને જેલમાં પુરવાની ઘટના બનેલ છે.

યુજીવીસીએલના ઈનસ્ટોલેશન ચેકિંગમાં જતા કર્મચારીઓ સાબરકાંઠા જિલ્લાના સાઠંબા તાલુકાના વિરપુર ખાતે એક સ્થાને ચેકિંગ માટે ગયા હતા. આ સમયે વીજચોરી કરનારા કેટલાક અસામાજિક તત્વોએ પોતાની ભૂલ કબૂલ કરવાને બદલે કર્મચારીઓ પર હુમલો કર્યો હતો. વિરપુરના ભાટપુર (સરદારપુરા) ગામમાં સાઠંબા સબ ડિવિઝન તરફથી માસ ઈન્સ્ટોલેશન ચેકિંગ પ્રોગ્રામ કરવામાં આવ્યો હતો. અહીં કેટલાક લોકો ડાયરેક્ટ વીજ પાવર લઇ વીજચોરી કરતા હતા જેમને પૂછપરછ કરતાં ચોરી કરનારાઓ કર્મચારીઓ પર તૂટી પડ્યા હતા. કંપનીના કર્મચારીઓની મારપીટ કરીને અને તેમના વાહનને નુકસાન પહોંચાડ્યું હતું. સાઠંબા સબ ડિવિઝનના, ડેપ્યુટી એન્જિનિયરશ્રી વરસાતે કાર્યપાલક ઈજનેર શ્રી આર. જે. પટેલના માર્ગદર્શન હેઠળ એફઆઈઆર નોંધાવી હતી. એફઆઈઆરના આધારે વિરપુર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટરે ૧૭ લોકોને (જેમાં ૧૨ પુરુષો અને ૫ મહિલાઓ છે) ગિરફ્તાર કર્યા. આ પ્રકારની ઘટનાનું ફરીવાર પુનરાવર્તન ન થાય તે માટે આવા પગલાં દાખલારૂપ સાબિત થાય.

યોગ્ય માર્ગદર્શનથી કરવામાં આવેલ પોલિસ ફરિયાદને લીધે વીજચોરી કરનારા ૧૭ લોકોની જામીન અરજીને બે વાર રીજેક્ટ પણ કરવામાં આવી છે અને લગભગ ૧ માસથી વધુ સમયથી તેઓને કસ્ટડીમાં રહેવું પડેલ.

કંપનીના સત્તાવાળાઓએ કર્મચારીઓની સલામતી જોખમમાં મુકતી આ ઘટનાને અત્યંત ગંભીર ગણીને કાયદેસરનાં યોગ્ય પગલાં લેતાં આ ત્વરિત પોલીસ કાર્યવાહી શક્ય બની હતી. યુજીવીસીએલના કર્મચારીઓ પર થતા હુમલાની આ પ્રથમ ઘટના નથી. વીજ કંપની તરફથી ઈન્સ્ટોલેશન ચેકિંગ કરાવવા માટે યોગ્ય સ્ટાફ મોકલવામાં આવે છે. તે જ રીતે યુજીવીસીએલના કેટલાક કર્મચારીઓ ઈન્સ્ટોલેશન ચેકિંગ કરવા વિવિધ સ્થાને જતા હોય છે. આ સમયે ચોરી કરનારા લોકો પોતાની ભૂલ કબૂલ કરવાને બદલે કર્મચારીઓ પર હુમલો કરે છે અને મારપીટ કરે છે, આ પ્રકારના કિસ્સા અનેક વાર થયા છે.

જ્યાં એક તરફ યુજીવીસીએલ જેવી કંપનીઓ

વીજચોરીને લગતી કેટલીક કલમો અતિ અગત્યની છે અને જ્યારે પણ વીજ ચોરીને લગતી ફરિયાદ થાય ત્યારે આ કલમોના આધારે યોગ્ય સજા થવી જોઇએ. અગત્યની કલમો નીચે પ્રમાણે છે.

| ક્રમ | બનાવ | આઇપીસીની કલમ |
|---|---|---|
| ૧. | જ્યારે પાંચ અથવા પાંચથી વધુ માણસો ભેગા મળી ગેરકાયદેસર મંડળી ગુનો કરવાના ઇરાદે રચે તો આ મંડળીના સભ્ય હોવું તે | ૧૪૩ |
| ૨. | આર્મ કે મોત નીપજાવે તેવા હથિયાર સાથે ગેરકાયદેસર મંડળીમાં સામેલ થાય તે | ૧૪૪ |
| ૩. | કાયદેસર મંડળીના માણસો બળ વાપરી હુલ્લડ કરે ત્યારે | ૧૪૭ |
| ૪. | આર્મ કે મોત નીપજાવે તેવા હથિયાર સાથે હુલ્લડ કરે ત્યારે | ૧૪૮ |
| ૫. | ગુનાહીત કૃત્ય માટે ગેરકાયદેસર મંડળીનો દરેક સભ્ય તે ગુના માટે જવાબદાર | ૧૪૯ |
| ૬. | જાહેર નોકરની ફરજમાં રુકાવટ કરે તો | ૧૮૬ |
| ૭. | જાહેર નોકરને તેની ફરજ દરમિયાન ઇજા કરવી | ૩૩૨ |
| ૮. | જાહેર નોકરને તેની ફરજ દરમિયાન મહાવ્યથા કરવી | ૩૩૩ |
| ૯. | જાહેર નોકરને તેની ફરજ દરમિયાન તેની ઉપર હુમલો કરવો | ૩૫૩ |
| ૧૦. | કોઇ વ્યક્તિ કે વ્યક્તિઓ ગુનો કરવા માટે ખુલ્લા જગ્યામાં પ્રવેશ કરે | ૪૪૭ |
| ૧૧. | ગુનો કરવા માટે ઘર કે ઓફિસમાં પ્રવેશ કરવો | ૪૪૮ |
| ૧૨. | ઇજા કે હુમલો કરવા માટે ઘર કે ઓફિસમાં પ્રવેશ કરવો | ૪૫૨ |
| ૧૩. | સુલેહ શાંતિનો ભંગ થાય તે માટે ઉશ્કેરણી કરવી | ૫૦૪ |
| ૧૪. | મોત કે મહાવ્યથા કરવા અંગેની અપરાધ ધમકી આપવી | ૫૦૬(૨) |
| ૧૫. | કોઇના ગુનામાં મદદગારી કરવી | ૧૦૯,૧૧૪ |
| ૧૬. | સરકારી મિલકતને નુકસાન પહોંચાડવું | ડેમેજ ઓફ પબ્લિક પ્રોપર્ટી એક્ટ કલમ ૭ |



લોકોના ઘર અને જીવનને ઉજાળવા માટેના પ્રયત્નોમાં અગ્રેસર રહે છે ત્યાં સમાજમાં એવા અસામાજિક તત્વો હોય છે જેઓ આમાંથી પણ પોતાનો લાભ મેળવવાની મથામણ કરતા હોય છે. તેઓ એવાં કામ કરતાં હોય છે જે કાયદાકીય રીતે અનિચ્છનીય હોય છે જેની સામે પગલાં લેવાં આવશ્યક હોય છે.

કંપનીના કર્મચારીઓ દ્વારા આ પ્રકારે ચેકિંગ હાથ ધરવામાં આવે ત્યારે જરૂર જણાય તો પહેલેથી જ પોલીસ રક્ષણ મેળવીને કાર્યવાહી કરવી હિતાવહ હોય છે. તેમ છતાં, હુમવાની આવી કોઈ ઘટના બને તો અચૂક પોલીસમાં ફરિયાદ નોંધાવીને જવાબદારો સામે કાયદેસરનાં પગલાં લેવાનો પ્રયાસ કરવામાં આવે તો ભવિષ્યમાં આવી ઘટનાઓ અંકુશમાં આવી શકે. ■

## યુજીવીસીએલના પરિવારનો તેજસ્વી તારલો



યુજીવીસીએલના વિશેષ મુખ્ય ઇજનેર કોર્પોરેટ ઓફિસ, મહેસાણા શ્રી ધિરેન્દ્ર કુમાર એસ. દોશીના પુત્ર પ્રણવ ડી દોશીએ એસઓએફના ઇન્ટરનેશનલ મેથેમેટિક્સ ઓલિમ્પિયાડમાં ભાગ લઇ સમગ્ર ગુજરાતમાં પ્રથમ અને સમગ્રવિશ્વમાં ૩૯મો નંબર પ્રાપ્ત કરી પોતાના પરફોર્મન્સ માટે સર્ટિફિકેટ મેળવ્યું છે. એ જાણવું જરૂરી છે કે સાયન્સ ઓલિમ્પિયાડ ફાઉન્ડેશન (એસઓએફ) તરફથી વિશ્વ સ્તરના ગણિત, વિજ્ઞાન, કમ્પ્યુટર અને અંગ્રેજી વિષયો માટે પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની હરિફાઇ યોજાય છે.

ઉલ્લેખનીય છે કે ડિસેમ્બર ૨૦૧૦માં ભારત અને વિશ્વ સ્તરના કુલ ૪૯૦૦ સેન્ટરોમાં ૪થી ઇન્ટરનેશનલ મેથેમેટિક્સ ઓલિમ્પિયાડ યોજાઇ હતી. આ હરિફાઇના પ્રથમ ચરણમાં પ્રણવ ડી. દોશીએ ભાગ લીધો હતો અને તેના દરેક ચરણમાં એટલે કે વર્બલ રીઝનિંગ, નોન વર્બલ રીઝનિંગ, એલ્જીબ્રા, મેઝરિંગ યુનિટ્સ અને જ્યોમેટ્રિકલ સ્કિલમાં ઉત્તમ પરફોર્મન્સ બતાવ્યું હતું.

આ પ્રકારની હરિફાઇઓમાં ભાગ લેવાથી વિદ્યાર્થી જ્યારે ગણિતના કોયડા ઉકેલે છે તે તેને તેના જીવનમાં આવતા કઠિન કોયડા ઉકેલવામાં મદદરૂપ થઇ પડે છે. યુજીવીસીએલ તરફથી પ્રણવને અભિનંદન!

# અખિલ ભારત મહિલા મોરચાના સભ્યો યુજીવીસીએલની મુલાકાતે

તા. ૧૦-૩-૨૦૧૧ના રોજ અખિલ ભારત મહિલા મોરચાના સભ્યોએ ઉત્તર ગુજરાત વીજ કંપની લી. દ્વારા ભારતમાં સૌપ્રથમ અમલીકરણ કરેલ જ્યોતિગ્રામ યોજનાની જાણકારી મેળવવા રૂપાલ ગામની મુલાકાત લીધેલ. તેમ જ નોરોડાખાતે જીવીકે એનર્જી મેનેજમેન્ટ એન્ડ રિચર્સ ઈન્સ્ટીટ્યુટની મુલાકાત લઈને ઝીણવટભરી માહિતી મેળવી.



# જેને ઈલેક્ટ્રિક શૉક લાગ્યો હોય તેની સારવાર કેમ કરવી?



ઈલેક્ટ્રિક કરંટ જ્યારે શરીરમાંથી પસાર થાય છે ત્યારે શૉક લાગે છે. શૉક લાગવાથી અનેક પ્રકારની અસર થાય છે, ક્યારેક વ્યક્તિ તરત મૃત્યુ પામે છે તો ક્યારેક તેના શરીરના અમુક ભાગો બળી જાય છે, ઉપરાંત તેના મન પર ઊંડી અસર પડે છે.

- **પોતાની જાતને જોખમમાં ન મૂકવીઃ** જો કોઇ વ્યક્તિને શૉક લાગ્યો હોય તો ઉત્તેજિત થઇને તેને હાથ ન લગાવવો, નહીં તો તમને જ શૉક લાગી જશે.
- આવા સમયે વ્યક્તિને કે ઇલેક્ટ્રિક સ્રોતને હાથ ન લગાવવો.
- **કરંટમાં અવરોધ ઉત્પન્ન કરવોઃ** તમે બીજું કંઇ કરી શકો તો કાંઇ નહીં પરંતુ પહેલાં વ્યક્તિને કરંટથી મૂક્ત કરાવવો જરૂરી છે.
- **વ્યક્તિને કરંટથી મૂક્ત કેમ કરવોઃ** પાવરની મુખ્ય સ્વિચ બંધ કરવી જેથી કરંટ આવતો જ બંધ થઇ જાય.
- આ વસ્તુ શક્ય ન હોય તો વાંસના સાવરણા, બ્લેંકેટ, વાંસનો ડંડો અથવા દોરી જેવી વસ્તુ દ્વારા વ્યક્તિને કરંટથી મૂક્ત કરાવવો.
- **જો વ્યક્તિ બેભાન થાયઃ** આવી સ્થિતિમાં તરત જ ઇમર્જન્સી મદદ માગી લેવી. મદદ આવે ત્યાં સુધી શૉક લાગેલ વ્યક્તિને બ્લેંકેટ ઓઢાડી હૂંફ આપવી. શૉક લાગ્યાના આઘાતથી તે બેભાન થઇ શકે છે, તેનું હૃદય બંધ પડી શકે છે અથવા તેનો શ્વાસ બંધ થઇ શકે છે.
- શ્વાસ બંધ થતાં જ તેને સીપીઆર શરૂ કરી દેવું. સીપીઆર એટલે કાર્ડિયો પલ્મોનરી રિસસિટેટ કરી એટલે કે તેની છાતી પર પંપિંગ ક્રિયા કરી પૂનર્જીવન આપવાની ક્રિયા.
- **રાહ જુઓઃ** જ્યાં સુધી મદદ ન મળે ત્યાં સુધી અને દર્દીને એ જગ્યાએ રાખવો સુરક્ષિત હોય તો તેની જગ્યા બદલવાનો પ્રયત્ન ન કરવો કારણ કે ઉપર દેખાતી ઈજા કરતાં વધુ ઇજા ક્યાંક બીજે પહોંચી હોય જે વિશે તમને ખબર ન હોય.
- **આગ લાગે ત્યારેઃ** વીજળીના કરંટને લીધે આગ લાગી હોય તો પાણી ક્યારેય ન રેડવું. આગ હોલવવાનું સાધન હોય તો તેનો ઉપયોગ કરવો તે જીવલેણ સાબિત થઇ શકે છે. જે ઇલેક્ટ્રિક આગ હોલવવા માટેના સાધનો પર સી, બીસી કે એબીસી લખેલું હોય છે.

**કોઇપણ ઇલેક્ટ્રીક ઉપકરણ પર સાવચેતી લખેલી જ હોય છે અને તેને વાપરતાં કાળજી રાખવી જોઇએ. તેમ છતાંય કોઇ કારણસર ઇલેક્ટ્રિક શોક લાગે તો આસપાસના લોકોએ સાવચેત રહેવું જોઇએ.**

એવી જગ્યાએ ન જવું જ્યાં વીજળીના સાધનો મૂક્યાં હોય અને ત્યાં જમીન પર પાણી હોય.

વીજળીનું કામ ક્યારેય એકલાં ન કરવું. સાથે કોઇને રાખવા જેથી અકસ્માત વખતે તે મદદ કરી શકે. ■



# ઊર્જાનો નવો વૈકલ્પિક

**માનવ મન અને મગજની તોલે કોઈ ન આવી શકે. તેને સાબિત કરતી આ એક નવી શોધ છે. આગવી શોધ પણ માનવે જ કરી છે. આજે આધુનિક સમયમાં ઊર્જાના વપરાશને પહોંચી વળવા વધુ એક વૈકલ્પિક ઊર્જાની શોધ થઈ રહી છે તે છે હવા દ્વારા મળતી ઊર્જા જે મહત્ત્વની શોધ સાબિત થશે.**

હવામાં ઇલેક્ટ્રિસિટી ભરપૂર હોય છે, જો વૈજ્ઞાનિકો તેને એકઠી કરી શકે તો ઇલેક્ટ્રિસિટી ઉત્પન્ન કરવાનો એક નવો સ્રોત મળી શકે.

છે ને અદભૂત વાત!

જેમ સૂર્યના કિરણોમાંથી સોલર સેલ પ્રાપ્ત થાય છે તે જ રીતે હવાને ઇલેક્ટ્રિસિટીમાં ફેરવવા એક નાનકડા સાધનની જરૂર પડશે જેના વડે તે ઘરને પ્રકાશિત કરશે, ઇલેક્ટ્રિક કારને રીચાર્જ કરશે, આ બધું શક્ય છે અને વૈજ્ઞાનિકો તેની ઉપર સંશોધનો કરી જ રહ્યા છે.

અમેરિકન કેમિકલ સોસાયટી (એસીએસ)ની ૨૪૦મી નેશનલ મીટિંગમાં એક રીપોર્ટ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો અને વૈજ્ઞાનિકો તેના પ્રોટોટાઇપ પર કામ કરી જ રહ્યા છે.

બ્રાઝિલની એક યુનિવર્સિટીના ડોક્ટરેટ થયેલા એક વૈજ્ઞાનિકે તેમના સંશોધમાં જણાવ્યું છે કે ભવિષ્યમાં હવામાંથી ઊર્જા ઉત્પન્ન કરવાની પ્રક્રિયાની કેડી કંડારાશે તેમાં કોઇ શંકા નથી.

સોલર એનર્જી વાપરનારા અનેક ઘરોને ઇલેક્ટ્રિક બિલ ભરવાની ઝંઝટમાંથી મૂક્તિ મળી ગઇ છે તે જ રીતે આ નવા સ્રોત વાપરવાથી બિલ ભરવાની ઝંઝટમાંથી મૂક્તિ મળી જશે.

એક સમય હતો કે વૈજ્ઞાનિકો માનતા કે હવામાં રહેલા ઝાકળ બિંદુ ઇલેક્ટ્રિકલી ન્યુટ્રલ રહે છે અને જ્યારે તે ઇલેક્ટ્રિક ઊર્જાના અથવા ધૂળના રજકણોના સંપર્કમાં આવે છે ત્યારે તે કારણે તે ન્યુટ્રલ રહે છે

લાંબા સમય સુધી વિવિધ પ્રયોગો કરી વૈજ્ઞાનિકોએ હવે એ નિશ્ચિત કર્યુ છે કે કે વાતાવરણમાં રહેલા પાણીના કણો દ્વારા ઇલેક્ટ્રિકલ ચાર્જ થાય છે.

અભ્યાસ કરતાં તેમને જાણવા મળ્યું કે સિલિકા અને એલ્યુમિનિયમ ફોસ્ફેટના કણો વાતાવરણમાં કુદરતી રીતે હોય જ છે. જ્યારે વાતાવરણમાં વધુ ભેજ જોવા મળ્યો ત્યારે ખબર પડી કે સિલિકા નેગેટિવ અને ફોસ્ફેટ પોઝિટિવ ચાર્જ કરતાં હતાં.

વૈજ્ઞાનિકોએ એ સાબિત કરી બતાવ્યું કે વાતાવરણમાં રહેલા પાણીનાં ટીપાંમાં ઇલેક્ટ્રિક ચાર્જ હોય છે અને જ્યારે તેની ઉપર કોઇ વસ્તુ કે સાધન મૂકવામાં આવે તો તે ઊર્જા મેળવી ચાલુ કરી શકાય.

આ એક તાદૃશ્ય વસ્તુ છે જેને હાઇગ્રોઇલેક્ટ્રિસિટી કહેવાય છે. તેનો અર્થ છેહ્યુમિડિટી ઇલેક્ટ્રિસિટીએટલે કે હવામાં ભેજને કારણે ઉત્પન્ન થતી વીજળી.



# સ્રોત – હવા

હવે સવાલ એ રહે છે કે જેમ સૂર્યપ્રકાશમાંથી મળતી ઊર્જાને આપણે ઉપયોગમાં લઈ શકાય તેવી ઊર્જામાં ફેરવી શક્યા છીએ એ રીતે, હવામાંથી મળતી ઊર્જાને ઉપયોગમાં કઈ રીતે લેવી. હવે વૈજ્ઞાનિકો વાતાવરણની ઊર્જા ભેગી કરવા માટેના ઉપાય શોધવામાં વ્યસ્ત છે જેના દ્વારા વીજળીને ઘરો અને અન્ય ઉપયોગો માટે મોકલી શકાશે.

આ પ્રકારની પેનલો પૃથ્વીના ઉત્તર-પૂર્વ અને દક્ષિણ-પૂર્વના વિસ્તારોમાં જ્યાં વધુ ભેજ હશે ત્યાં વધુ અસરકારક રીતે ચાલી શકશે.

જે ક્ષેત્રોમાં વધુ વંટોળ આવે છે ત્યાંની બિલ્ડિંગોની ઉપર આ માટેના ઉપકરણો મૂકી શકાશે જેથી વીજળી પડતી પણ અટકાવી શકાશે.

હવામાંથી મળથી વીજળીની પેનલો બનશે અને બિલ્ડિંગ પર ઇલેક્ટ્રિક ચાર્જ જે વીજળી ઉત્પન્ન કરી તેને નુકસાન પહોંચાડે છે તેનાથી બચી શકાશે.

માનવજાતે આવી રસપ્રદ શોધો કરી ઊર્જાના વૈકલ્પિક રસ્તા શોધવાની જ જરૂર છે. આપણે સૌએ સાથે ચાલીને કાર્ય કરવાનું છે અને લાંબા સમયે જ મળનારી અનેક વૈકલ્પિક ઊર્જાનો ભરપૂર લાભ લેવાનો છે. ■





# પરમાણુ ઊર્જાઃ ઉપયોગી પણ જોખમી

**જાપાનમાં સર્જાયેલી અણુઆફતના સંદર્ભમાં જાણીએ પરમાણુ ઊર્જા વિશે...**

વિજ્ઞાન અને ટેક્નોલોજી તેમ જ ઔદ્યોગિક વિકાસનો આધાર વીજળી પર રહેલો છે. આ માટે જરૂરી વીજળી મળી શકતી ન હતી. આવા સમયમાં અમેરિકામાં પરમાણુ ઊર્જાનું નિર્માણ સૌથી પહેલાં થયું. ઊર્જાનું એક નૂતન સાધન પ્રાપ્ત થયું અને અણુશક્તિને એક નૂતન સ્વરૂપ પ્રાપ્ત થયું. સૃષ્ટિનો પ્રત્યેક પદાર્થ અત્યંત સૂક્ષ્મ એવા અસંખ્ય કણોનો અથવા અણુનો બનેલો છે. આ અણુમાં પ્રોટોન, ન્યુટ્રોન અને ઈલેક્ટ્રોન હોય છે. કેટલાંક પદાર્થોમાં આ ત્રણની વચ્ચે સમાનતા હોય છે, તો કેટલાંક પદાર્થોમાં આ તૂટે છે અને વિભાજીત થતા રહે છે, તેમને સ્વરૂપ બદલાયા કરે છે. આ સ્વરૂપ બદલાતાં રહેતાં અને વિભાજીત થતાં રહેતાં તત્ત્વોને કિરણોત્સર્ગી અથવા રેડિયો એક્ટિવ તત્ત્વ કહે છે. કિરણોત્સર્ગી તત્ત્વ જ્યારે તૂટે છે ત્યારે તેમાંથી ઊર્જા પ્રાપ્ત થાય છે. આ કિરણો ત્રણ પ્રકારનાં છેઃ આલ્ફા, બીટા અને ગેમા. પરમાણુ ઊર્જાનો સિદ્ધાંત કિરણોત્સર્ગી તત્ત્વોના વિકિરણ ઉપર આધારિત છે. આને આધારે પરમાણુ ઊર્જાકેન્દ્રો સ્થપાયાં છે.


**સ્રોત પુસ્તક :** ઊર્જાનો પરિચય
**લેખક :** શ્રી રમેશ પટેલ
**પ્રકાશક :** નવભારત પ્રકાશન મંદિર

ભારતમાં પરમાણુ ઊર્જાના વિકાસની યાત્રા ૩૦-૩૫ વર્ષ પહેલાં શરૂ થઈ. મુંબઈમાં પ્રથમ પરમાણુ ઊર્જા ઘર સ્થાપિત થયું.

આધુનિક વિજ્ઞાનના સમર્થક પં. જવાહરલાલ નહેરુના પ્રોત્સાહનથી અને વૈજ્ઞાનિક ડૉ. હોમી જહાંગીર ભાભાની યોજનાથી અપ્સરા નામની પહેલી પરમાણુ ભઠ્ઠી તૈયાર થઈ. અમેરિકા, ફ્રાંસ, જર્મની, રશિયા અને બ્રિટને પરમાણુ ભઠ્ઠીઓ સ્થાપી વાજ્ઞાનિક લાભો પ્રાપ્ત કર્યા છે. હાલમાં તારાપુર (મહારાષ્ટ્ર), કોટા (રાજસ્થાન) અને મદ્રાસ (તામિલનાડુ) એમ ત્રણ જગ્યાએ પરમાણુ ઊર્જામથકો કાર્યરત છે. ત્રણેની સંયુક્ત સ્થાપિત શક્તિ લગભગ ૧૩૦૦ (તેરસો) મેગાવોટ જેટલી છે. નરોરા (ઉ.પ્ર.) તથા કાકરાપાર (ગુજરાત) ખાતે પ્રતિ એકમ દીઠ ૨૩૫ મેગાવોટ શક્તિવાળા બબ્બે એકમો હાલમાં કાર્યરત થયાં છે.

**પરમાણુ ઊર્જાનાં જોખમોઃ**

પરમાણુ વિસ્ફોટથી ઉત્પન્ન થતી પ્રચંડ શક્તિથી અનેક માણસોનો સંહાર થાય છે. આ ઉપરાંત રેડિયો, સક્રિય અસરોને પરિણામે લોકોને લકવા, અંધાપો, જનન વિકૃતિ, વંધ્યત્વ




વગેરે વિકૃતિઓ થાય છે. વળી ત્વચાનાં કેન્સર, રૂધિરનાં કેન્સર, સંયોજન પેશીઓનું ગંઠાઈ જવું જેવા ઘણા રોગોના ભોગ બને છે.

રૂથ વેજર પરમાણુ ઊર્જાનાં જોખમો નીચે મુજબ બતાવે છે.

- બીજા વિશ્વયુદ્ધથી આજ સુધીમાં દુનિયાએ અણુશસ્ત્રો પર ૪૦,૦૦૦ અબજ રૂપિયા કરતાં પણ વધુ ખર્ચ કર્યો છે.
- અણુશસ્ત્રોનો જે ભંડાર આજે દુનિયામાં છે તેનાથી ૫૮ અબજ લોકોને મારી નાખી શકાય તેમ છે. દુનિયાની વસ્તી અત્યારે ચાર અબજથી થોડીક વધારે છે. આ હિસાબે દુનિયાનાં અત્યારનાં અણુશસ્ત્રોથી સમગ્ર દુનિયાની વસ્તીને ૧૪ વખત મારી નાખી શકાય.
- પરમાણુ ઊર્જાનો પ્રથમ ઉપયોગ માનવજીવનના વિનાશાર્થે કરાયો હતો. જાપાનના હિરોશીમાં અને નાગાસાકી પર અમેરિકાએ અણુબૉંબ ફેંકી અણુની અમાપ શક્તિનો પરચો બતાવ્યો હતો.
- ૧૯૮૬માં એપ્રિલની ૨૫મી તારીખે રશિયામાં કીવ શહેરથી ૧૩૦ કિલોમીટર દૂર આવેલા ચેર્નોવિલ પરમાણુ ઊર્જાકેન્દ્રમાં એક ભયંકર દુર્ઘટના બની, દુનિયાનો આજ સુધીનો આ સૌથી મોટો અણુઅકસ્માત હતો. રિએક્ટરમાં આગ લાગી હોય એવો આ પહેલો બનાવ હતો. તેનું તાપમાન ૨૮૦૦ સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું.
- ચેર્નોવિલથી ૩૦૦૦ કિલોમીટર દૂર સ્કોટલેન્ડ અને વેલ્સમાંકિરણોત્સર્ગની અસર એટલી બધી થઈ કે હજારો ઘેટાંઓને કતલ કરી જમીનમાં દાટી દેવામાં આવ્યાં. જેથી તેમનું ઝેરી માંસ લોકો ખાય નહિ. ઈટાલીમાં બકરીઓ, બિલાડીના ટોપ અને સસલાં ઉપર તેના વેચાય ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. સ્વીડનનાં તળાવોની માછલીઓમાં કિરણોત્સર્ગની અસર સામાન્ય રીતે હોય તે કરતાં ૫૦ ટકા વધારે જણાઈ.
- જર્મની, ફ્રાન્સ, ઝેકોસ્લોવાકિયા, હંગેરી વગેરે દેશોમાં શાકભાજી, દૂધ, પનીર, હવા, જમીન સર્વમાં કિરણોત્સર્ગની અસર જોખમની હદે પહોંચી ગઈ. હોલેન્ડની ગાયો પર એની ઊંડી અસર પડી. આ અસરથી બે લાખ માણસો પર અસર વર્તાઈ હતી. પાંચથી છ ટકા કિરણોત્સર્ગની આ હતી વિચિત્ર અસર! ■

## ઈશ્વર બદલાઈ ગયો

લોક કહે સમય ખુબ બદલાઈ ગયો,
માનવ સંગે પ્રભુ પણ પલટાઈ ગયો.

સરનામુ આપે મંદિર તણા નિવાસનું
અને પછી એ બહાર ફરતો થઈ ગયો.

કુદરતના નિયમ બધા એના બનાવેલા,
તોડે મરોડે કોઈ ને કોક ભોગવે પીડા.

દુનિયામાં જાણે ચાલે સરખુ આમતેમ,
ઢાંકપિછોડો કરી એ બેફિકર થઈ ગયો.

શબરી તણા બોર ને વિદુર કેરી ભાજી,
દાખલા ઘણા અપાય પ્રાચીન કાળ થી,

અન્નકૂટ ધરાવે ને ઉત્સવ રોજ કરાવે,
પાવતી પ્રમાણે દરશન દેતો થઈ ગયો.

---

**– ઘનશ્યામ પટેલ**
*નાયબ ઈજનેર, વિજાપુર*

## હું જીવી જાણું છું

સવેદનશીલતાની ના કરો કસોટી,
ધારણા બધી કદાચ ખોટી પડે...

હું મનની વાત છુપાવી જાણું છું.
હું આંખ મીંચીને જીવી જાણું છું.
ગણતરીની રીત ખરી એટલે બસ,
જવાબ ભલે ન પણ પડે...

ખરૂી રીતના મોટા મૂલ જાણું છું.
હું આંખ મીંચીને જીવી જાણું છું.
વાત થોડી અલગ હોય તેમ બને,
તાર એકમેકના તોય હજી અડે...

મનસાક્ષીએ કદમ મૂકુ જાણું છું.
હું આંખ મીંચીને જીવી જાણું છું.

---

**– ઘનશ્યામ પટેલ**
*નાયબ ઈજનેર, વિજાપુર*




## ૧ હાથમાં લીધેલાં કામ પૂર્ણ કરોઃ

કામ વધારે હોય અને સમય ઓછો હોય પણ કામ તો પૂરું કરવાનું જ છે. વિશેષ કામ તો ખાસ પૂરા કરવાના હોય છે જેનાથી આપણે આપણા લક્ષ્ય સુધી પહોંચી શકીએ છીએ. કામને સહેલું બનાવવા માટે એ કામને પહેલા હાથમાં લો જે સૌથી પહેલાં શરૂ કર્યુ હતું. પહેલાં શરૂ કરેલું કામ પૂરું થાય પછી બીજું કામ શરૂ કરો.આમ એક પછી એક કામ પૂર્ણ કરતાં જઈએ તો બધાં જ કામ સહેલાયથી પૂર્ણ થઈ જશે.

## ૨ પ્રેરણા મેળવી આગળ વધીએઃ

જીવનમાં આગળ વધવા માટે સફળતા અને નિષ્ફળતા બંનેથી પ્રેરણા મળે છે, પરંતુ નિષ્ફળતા એક મોટી પ્રેરણા છે, કલ કરે સો આજ કર આજ કરે સો અબ એ કહેવત અનુસાર કામને ક્યારેય કાલ પર ન છોડો. આજનું કામ આજે જ પૂરું કરો. આપણે એ ન વિચારવું જોઈએ કે આપણે આજે શું છીએ. તેના બદલે એ વિચારવું જોઈએ કે આપણે શું બનવું છે અને કેવી રીતે બનવું છે. આપણા લક્ષ્યને લઈને મનમાં કોઈ મુશ્કેલી ન હોવી જોઈએ. આપણા લક્ષ્ય સ્પષ્ટ હોવા જોઈએ.

## ૩ જ્ઞાનથી આત્મવિશ્વાસઃ

જ્ઞાન શક્તિથી આત્મવિશ્વાસ વધે છે. કામ શરૂ કરતાં પહેલાં આપણને એ કામ વિશે જ્ઞાન હોય તો એ કામ આપણે આત્મવિશ્વાસ સાથે કરશું પણ જો એ કામ વિશે જ્ઞાન ન હોય તો મનમાં ડર લાગે છે. આત્મવિશ્વાસથી જ સફળતા મળે છે. આત્મવિશ્વાસ હોવાથી આપણે વિચારોની આકર્ષક અભિવ્યક્તિ આપી શકીએ છીએ. જે આપણા વ્યક્તિત્વને સકારાત્મક વિચારોને બીજાની સામે વ્યક્ત કરી શકીયે અને નકારાત્મક વાતો છુપાવી શકે, જરૂર કરતાં વધારે આત્મવિશ્વાસ પણ સારો નથી જેનાથી વ્યક્તિમાં અહમ આવે છે અહમ જીવનની સત્યતાને છુપાવી દે છે અને શાંત સંતોષકારક અને સફળ જીવન જીવવા માટે આપણી અદંર રહેલા અહમને લાવવા દેવા જોઈએ નહીં.

## ૪ દ્ષ્ટિકોણ બદલોઃ

આપણે લક્ષ્ય સુધી પહોંચીશું એવો સકારાત્મક ભાવ મનમાં હોય તો સફળતા જરૂર મળશે. નકારાત્મક દ્ષ્ટિકોણ રાખવાથી, પૂરતા પ્રયત્નો કરી શકાતા નથી. મંજીલની રાહમાં ઘણી મુશ્કેલી આવી શકે છે તેનાથી ગભરાવવાની જરૂર નથી. સકારાત્મક દ્ષ્ટિકોણ બનાવી રાખો. મુશ્કેલીના સમયમાં દ્રઢ નિશ્ચય રાખો કે સફળતા જરૂર પ્રાપ્ત થશે. અબ્રાહમ લિંકન સતત ઘણા વર્ષોથી કોર્પોરેટરથી ઉપરાષ્ટ્રપતિ સુધી દરેક ચૂંટણી હારતા રહ્યાં, પરંતુ અંતમાં રાષ્ટ્રપતિની ચૂંટણી જીતી એમણે સિદ્ધ કરી દીધું કે દ્રઢ નિશ્ચય, આત્મવિશ્વાસ અને મહેનતથી દરેક સફળતા પ્રાપ્ત કરી શકાય છે.

આપણે જ્ઞાન આધારિત વૈશ્વિક અર્થવ્યવસ્થામાં જીવી રહ્યા છીએ તે માટે જરૂરી છે કે આપણે આપણા લક્ષ્યમાં પૂરી સફળતા મેળવવી જોઈએ. સફળતા પ્રાપ્ત કરવા માટે કામને નિશ્ચિત સમયમાં પૂર્ણ કરવું જરૂરી છે. કંઈ પણ કહેતાં પહેલાં શબ્દોના પસંદગી કરો પછી પૂરા જ્ઞાન, આત્મવિશ્વાસ અને સકારાત્મક દ્ષ્ટિકોણની સાથે પોતાની વાતને અભિવ્યક્ત કરો.

## ૫ વ્યવસ્થિત કામકાજઃ

સંસ્થા નાની હોય કે મોટી કામને સુવ્યવસ્થિત કરવું જરૂરી છે. સતત પ્રગતિ કરતી સંસ્થામાં કામ કરો તો એ કામ બહુ જ સહેલું હોય છે. મેલ અથવા ઓર્ડર મોકલતી વખતે ત્રણ ભાગોમાં વહેંચી દો. પહેલા ભાગમાં એવા પત્ર રાખો જેના જવાબ પહેલા આપવાના છે બીજા ભાગમાં એ પત્ર રાખો જેના જવાબ પછી આપવાના છે ત્રીજા ભાગમાં એ પત્ર રાખો જેમાં લખેલી વાતોનું તરત પાલન થાય અથવા અન્ય લક્ષ્યોની સાથે તેની પ્રાથમિકતા નક્કી કરી જેને જલ્દી પૂર્ણ કરવાના છે આ રીતે કામનું વિભાજન કરવાથી કામ કરવું સરળ બનશે અને સફળતા જલ્દી મળશે.

## ૬ પ્રભાવી સંવાદઃ

સૂચનાઓ અને જાણકારીના આદાન-પ્રદાનને સંવાદ કહે છે. આપણે આપણી વાતને સારી રીતે કહેવા માટે શબ્દોની જરૂર છે. શબ્દોના માધ્યમથી આપણે બીજાને સાથે સંવાદ કરી શકીએ છીએ. શબ્દોથી એક સશક્ત અભિવ્યક્તિ તૈયાર થાય છે, એવી અભિવ્યક્તિ જે અન્યના મનને તકલીફ ન કરી શકે. કટાક્ષ કોઈને તકલીફ આપી શકે છે તેથી ઉચિત શબ્દોનો ઉપયોગ કરવો. જવાબ આપતા પહેલા સામેવાળાની વાતને ધ્યાનથી સાંભળવી જોઈએ જેનાથી સમય અને શબ્દ બંનેની બચત થાય છે.



## ૭ લક્ષ્યનું વર્ગીકરણઃ

જીવનમાં મહત્ત્વપૂર્ણ અને સાર્થક કાર્ય પૂરાં કરવામાં હંમેશા સમય લાગે છે. આ વાત આપણા એ લક્ષ્ય પર લાગુ પડે છે. હંમેશા પોતાના લક્ષ્યનું વર્ગીકરણ કરો (૧) અલ્પ સમયનું લક્ષ્ય (૨) દીર્ઘ સમયનું લક્ષ્ય. ઓછા સમયના લક્ષ્ય ૬ માસનાં હોય છે અને દીર્ઘ સમયના લક્ષ્યમાં પાંચ વર્ષ અથવા તેથી વધુ સમય પણ લાગી શકે છે. ધ્યાનમાં રાખવાની બાબત એ છે કે બંને લક્ષ્ય થોડા સમયમાં પ્રાપ્ત કરી શકાતા નથી લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે પૂર્ણ નિશ્ચય અને એકાગ્રતાની સાથે ઘણી મહેનતની જરૂર હોય છે. લક્ષ્ય સુધી પહોંચવા માટે ટાઇમટેબલ બનાવી એક-એક કામ પૂર્ણ કરવા માટે સમય નિશ્ચિત કરો.

# સફળતાનાં સાત સૂત્રો

- **ગણેશ અને ગોબર ગણેશ :** ગણેશ (સારી વ્યક્તિ) સમયની સાથે પોતાને અથવા પોતાના વિચારોને બદલવા સક્ષમ હોય છે. જ્યારે ગોબર ગણેશ પોતાના જીદ્દી સ્વભાવને લીધે નિષ્ફળ રહે છે.
- **સુખીરામ અને દુઃખીરામઃ** જે વ્યક્તિમાં સકારાત્મક વિચારો અને આત્મવિશ્વાસ હોય તે વ્યક્તિ સુખીરામ છે અને પોતાની દશા પર રડવાવાળો વ્યક્તિ દુઃખીરામ છે.
- **શું ફરક પડે છે અને શું ફરક પડતો નથીઃ** જવાબદાર અને બિનજવાબદાર વ્યક્તિના વિચારોમાં તફાવત હોય છે જવાબદાર વ્યક્તિ જ સફળતા પ્રાપ્ત કરી શકે છે.
- **ગાય સ્વયં દૂધ આપતી નથીઃ** સફળતા પ્રાપ્ત કરવા માટે પ્રયત્નો કરવા પડે છે તે આપો-આપ મળી જતી નથી, જેવી રીતે ગાય સ્વયં દૂધ નથી આપતી તેના માટે મહેનત કરી દૂધ દોહવું પડે છે.
- **જવાબદાર લોકો પ્રતિક્રિયા નથી આપતાઃ** જવાબદાર લોકો સમજી-વિચારી ધૈર્યથી વાતો કરે છે અને સામેવાળાની વાત સાંભળે છે પછી ભલે પોતાની ટીકા કેમ ન થતી હોય.
- **પોતાના કામથી પ્રેમ કરતાં શીખોઃ** કોઈ પણ કામને નાનું-મોટું સમજવા કરતાં તે કામને પ્રેમથી કરવું એ જ સફળતાનો મૂળમંત્ર છે.



- **શું હું તમારી માટે કઈક કરી શકું છુંઃ** આ પ્રશ્ન એકબીજાના સંબંધોને બનાવાની સાથે ફરજ પ્રતિ જવાબદારીનો એહસાસ કરાવાવાળા અને સફળતામાં મદદગાર થઈ શકવાવાળા બની શકે છે.

# યુજીવીસીએલનો અદ્‌ભુત આવિષ્કાર
# એટલે સ્પેશ્યલ ડિઝાઈન ટ્રાન્સફોર્મર



**૨૧૭૦ સ્પેશ્યલ ડિઝાઇન ટ્રાન્સફોર્મર કાર્યાન્વિત**

---

**અંતરીયાળ અને છૂટાછવાયાં રહેણાંક વિસ્તારોમાં વસતા**
**૯૩,૦૦૦ થી વધુ ગ્રાહકોને સતત ૨૪ કલાક વીજ પુરવઠાનો લાભ**

સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવા સમર્પિત

## ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

UGVCL

# આપણું યુજીવીસીએલ

**આ અંક આપને કેવો લાગ્યો?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઈમેઈલ આઈડી પર મોકલી શકો છો.


cs@ugvcl.in
managercc@ugvcl.in
sanaik_41262@yahoo.co.in